KALPA-TARU
POWER TRANSMISSION LIMITED

| | | | |
|---|---|---|---|
| | | **Date** | 10-05-2023 |
| **HeadLine:** | Kalpataru Net Profit Up Nearly 22% At Rs 140 Crore | | |
| **Newspaper:** | FE-Gujarati | **Language:** | Gujarati |
| **Journalist:** | | **Edition:** | Ahmedabad |
| **Page No.** 23 | **Position:** Centre | **Height:** 20 | **Column:** 2 |

# કલ્પતરૂનો ચોખ્ખો નફો ૨૨ ટકા વિસ્તરીને રૂ.૧૪૦ કરોડના સ્તરે

પીટીઆઈ
નવી દિલ્હી, તા. ૯

કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશને મુખ્યત્ત્વે ઊંચી આવકોને પગલે માર્ચ, ૨૦૨૩ના ત્રિમાસિક ગાળા માટે લગભગ ૨૨ ટકાની વૃદ્ધિ સાથે રૂપિયા ૧૪૦ કરોડનો સંકલિત ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

વર્ષ અગાઉના ત્રિમાસિક ગાળામાં તેણે રૂપિયા ૧૧૫ કરોડનો સંકલિત ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, એમ બીએસઈ માટેની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

સમીક્ષા હેઠળના ગાળામાં કંપનીની કુલ આવક વધીને રૂપિયા ૪,૮૯૬ કરોડ થઈ છે, જે વર્ષ અગાઉના ગાળઆમાં રૂપિયા ૪,૧૬૯ કરોડ થઈ હતી.

૨૦૨૨-૨૩ના સમગ્ર વર્ષ માટે કંપનીનો સંકલિત ચોખ્ખો નફો ઘટીને રૂપિયા ૪૩૫ કરોડ થયો છે, જે અગાઉના નાણાંકીય વર્ષમાં રૂપિયા ૫૩૫ કરોડ રૂહયો હતો.

સમીક્ષા હેઠળના નાણાંકીય વર્ષમાં કુલ આવક વધીને રૂપિયા ૧૬,૪૦૧ કરોડ થઈ છે, જે ૨૦૨૨ના નાણાંકીય વર્ષમાં રૂપિયા ૧૪,૮૬૬ કરોડ થઈ હતી.

આ ઉપરાંત, સોમવારે યોજાયેલી બેઠકમાં બોર્ડે ૩૧મી માર્ચ, ૨૦૨૩ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે રૂપિયા બેની ફેસ વેલ્યૂ ધરાવતા પ્રત્યેક ઈક્વિટી શેર પર સાત રૂપિયાના ફાઈનલ ડિવિડન્ડની ભલામણ કરી છે, જે નિર્ણય વાર્ષિક સાધારણ સભા (એજીએમ)માં શેરધારકોની મંજૂરીને આધીન રહેશે.

૨૦૨૨-૨૩ માટેની એજીએમ ક્યારે યોજવામાં આવશે, એની તારીખ તથા જ્યારથી શેરધારકોને ડિવિડન્ડની ચૂકવણી કરવામાં આવશે અથવા તો ડિમાન્ડ ડ્રાફ્ટ કે વોરન્ટ્સ મોકલવામાં આવશે, તેની તારીખની કંપની જાણ કરશે.

આ ઉપરાંત બોર્ડે એક કે એથી વધુ હસામાં કંપની દ્વારા રૂપિયા ૩૦૦ કરોડ સુધીના સિક્યોર્ડ કે અનસિક્યોર્ડ રિડીમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ જારી કરવા માટેની દરખાસ્ત પણ મંજૂર કરી છે.

એ સિવાય, બોર્ડે ૪૨મી વાર્ષિક સાધારણ સભા પૂરી થયાથી લઈને ૨૦૨૮માં યોજાનારી ૪૭મી એજીએમ પૂરી થાય, ત્યાં સુધી ઓફિસ સંભાળવા માટે સળંગ પાંચ વર્ષની બીજી ટર્મ માટે કંપનીના કાયદેસર ઓડિટરો તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બીએસઆર એન્ડ કંપની એલએલપીની પુનઃ નિમણૂંકને પણ મંજૂર કરી હતી, જે નિર્ણય શેરધારકોની મંજૂરીને આધીન રહેશે.

radar
Business Critical Information